Sunday
28.07.2024
*Volume :9 * Issue No.10
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

*Managing Editor: Arjun Sondarva

* Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04 * Rs. 00.25/- * Annual Rs. 90/-

વડાપ્રધાનશ્રીના અધ્યક્ષ સ્થાને નવી દિલ્હીમાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની નવમી બેઠક સંપન્ન

વિકસિત ભારત @૨૦૪૭ના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવા માટે ગુજરાત સંપૂર્ણ પ્રતિબદ્ધ છેઃ મુખ્યમંત્રીશ્રી

ગુજરાતની વિકાસ ગાથાની પ્રભાવક પ્રસ્તુતિ કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના ધ્યેય મંત્ર સાથે રાજ્ય સરકારે ગુજરાત@૨૦૪૭ ડાયનેમિક ડોક્યુમેન્ટ-રોડમેપ તૈયાર કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ લક્ષ્યો સુઆયોજિત અને સુવ્યવસ્થિત રીતે સિદ્ધ કરવા માટેની થિંક ટેંક તરીકે ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સ્ફોર્મેશન-GRIT (ગ્રિટ)-ની સ્થાપના કરવાની નેમ વ્યક્ત કરી હતી.

નીતિ આયોગની પેટર્ન પર ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સ્ફોર્મેશન-GRIT (ગ્રિટ)-ની સ્થાપના કરશે.

દેશની જનસંખ્યાના પાંચ ટકા જેટલી વસ્તી ધરાવતા ગુજરાતે ૨૦૨૨-૨૩ના વર્ષમાં જી.ડી.પી.માં ૮.૩ ટકાનું યોગદાન આપ્યું છે. એટલું જ નહીં, દેશની અર્થવ્યવસ્થામાં પણ ગુજરાત ૨૦૪૭ સુધીમાં ૩.૫ ટ્રિલિયન યુ.એસ. ડોલરની ઇકોનોમી બનવાની નેમ સાથે આગળ વધી રહ્યું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં આયોજિત નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સીલની નવમી બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારત@૨૦૪૭ના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાતની સંપૂર્ણ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

બે મુખ્ય પિલ્લર અર્નિંગ વેલ અને લિવિંગ વેલ પર આધારિત આ રોડમેપથી નાગરિકોની જીવન સ્તરને સર્વોત્તમ અને સમૃદ્ધિને અર્થવ્યવસ્થામાં સહભાગી બનાવીશું.

શ્રી ભૂપેન્દ્ર પટેલ

- ★ ગુજરાતને ૨૦૪૭ સુધીમાં ૩.૫ ટ્રિલિયન યુ.એસ. ડોલરની અર્થવ્યવસ્થા બનાવવાની નેમ.
- ★ વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના ધ્યેય મંત્ર સાથે ગુજરાત@2047 ડાયનેમિક ડોક્યુમેન્ટ-રોડમેપ તૈયાર કર્યો છે.

'અર્નિંગ વેલ' અને 'લિવિંગ વેલ' એમ બે મુખ્ય પિલ્લર પર આધારિત આ રોડમેપ દ્વારા રાજ્યના લોકોનું જીવન સ્તરને બહેતર અને સર્વોત્તમ બનાવવાનાં અને તેમની સમૃદ્ધિને અર્થવ્યવસ્થામાં સહભાગી બનાવવાનાં લક્ષ્યો સાથે રાજ્ય સરકાર આગળ વધવા માંગે છે તેમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીના વિચાર મંત્ર 'ગ્યાન' એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના વિકાસને આધાર બનાવીને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો સંકલ્પ ગુજરાતે કર્યો છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પી.એમ. ગતિશક્તિ, આરોગ્ય, નારી ગૌરવનીતિ, શ્રીઅન્ન (મિલેટ), પ્રાકૃતિક ખેતી, ડિજિટલ એગ્રીકલ્ચર મિશન, એમ.એસ.એમ.ઈ., અમૃત સરોવર જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં રાજ્ય સરકારની વર્તમાન સિદ્ધિઓ અને ભવિષ્યના વિઝન માટે લેવાઈ રહેલા નક્કર આયોજનો-પગલાંઓની વિસ્તૃત ભૂમિકા આ બેઠકમાં આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીના દિશા દર્શનમાં આત્મનિર્ભર ભારતથી જ વિકસિત ભારતનો માર્ગ પ્રશસ્ત થઈ શકે અને એ માટે આપણે સામુહિક પ્રયાસોથી એવા નિર્ણયો લેવા જોઈએ તથા એવી નીતિઓ બનાવવી જોઈએ જેથી આપણે વિશ્વના સૌથી મોટા મેન્યુફેક્ચરિંગ હબ બની શકીએ. તેમણે એમ પણ કહ્યું કે, આપણા ઉત્પાદનો વૈશ્વિક કક્ષાના હોય અને માત્ર દેશની સપ્લાય ચેઈનનો હિસ્સો ન બની રહે પરંતુ ગ્લોબલ સપ્લાય ચેઈનમાં પણ મહત્વપૂર્ણ ભાગીદારી કરી શકે. વડાપ્રધાનશ્રીએ આપેલા આ વિઝન તેમજ વિકસિત ભારત માટે ગ્રીન ગ્રોથના વિચારને ગુજરાત આગળ ધપાવી રહ્યું છે, તેની વિગતો મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. તેમણે આ અંગે વધુમાં કહ્યું કે, જાન્યુઆરી-૨૦૨૪માં યોજાયેલી વાઈબ્રન્ટ સમિટમાં ગુજરાતે સેમિકન્ડક્ટર સેક્ટરમાં આત્મનિર્ભરતાની દિશામાં એક મોટું કદમ ભર્યું છે તેનો લાભ સમગ્ર દેશ અને વિશ્વને થશે. એટલું જ નહીં, ગુજરાતમાં દેશની પ્રથમ સેમિકન્ડક્ટર ચીપનું ઉત્પાદન થશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વિકસિત ભારત @2047 માટે જરૂરી સ્કીલ ઈકોસિસ્ટમને વેગ આપવા સેમિકન્ડક્ટર્સ, બ્લોકચેઈન અને એ.આઈ. વગેરે જેવા ભવિષ્યના ક્ષેત્રોમાં આજની યુવા પેઢીને 'મુખ્યમંત્રી ભવિષ્યલક્ષી કૌશલ્ય વિકાસ યોજના'ના માધ્યમથી અત્યારથી જ તાલીમબદ્ધ કરવાના પ્રયાસો પર રાજ્ય સરકારે ફોકસ કર્યું છે. વડાપ્રધાનશ્રીએ આપેલા ગ્રીન ગ્રોથના વિચારને સાકાર કરવાની દિશામાં સોલાર રૂફટોપ સ્કીમનો વ્યાપક અમલ અને કચ્છમાં નિર્માણાધીન વિશ્વના સૌથી મોટા હાઈબ્રીડ રિન્યુએબલ એનર્જી પાર્ક દ્વારા ગુજરાત તેજ ગતિએ આગળ વધી રહ્યું છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

રાજ્ય સરકારે એગ્રીકલ્ચર અને નોન એગ્રીકલ્ચર એમ બન્ને સેક્ટરને સમાન મહત્વ આપ્યું છે. પ્રાકૃતિક ખેત ઉત્પાદનો વૈશ્વિક નિકાસની માંગને અનુરૂપ બનાવ્યા છે. રાજ્યમાં ૪૩ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું છે તેમાંથી ૯ લાખ જેટલા ખેડૂતો ૭ લાખ એકરથી વધુ જમીનમાં પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે તેની પણ વિગતો મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે અને હવે તેમના વડાપ્રધાન તરીકેના ત્રીજા કાર્યકાળમાં દેશ વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ અગ્રેસર છે તેમાં વિકસિત ભારતનું વડાપ્રધાનશ્રીનું વિઝન પ્રેરણાદાયી બનશે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. ગુજરાત વિકસિત ભારતના આ વિઝનને ચરિતાર્થ કરવા સંકલ્પબદ્ધ પ્રયાસો સાથે સહભાગી બનશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ નીતિ આયોગની આ ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં આપ્યો હતો. મુખ્ય સચિવ શ્રી રાજકુમાર પણ આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રી સાથે ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય ન્યાયમૂર્તિશ્રી સુનિતા અગ્રવાલ અને કાયદામંત્રી શ્રી ઋષિકેશ પટેલે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તથા ગુજરાત લો હેરાલ્ડની નવી વેબસાઇટ અને મોબાઈલ એપનો પ્રારંભ કરાવ્યો

આપણે વધુને વધુ કેસોને સમયસર પૂર્ણ કરીને લોકોને ન્યાય અપાવવા બનતું કરવું જોઈએ :- મુખ્ય ન્યાયમૂર્તિશ્રી સુનિતા અગ્રવાલ

કમલમ્ ન્યુઝ,

મુખ્ય ન્યાયમૂર્તિશ્રી સુનિતા અગ્રવાલ અને કાયદામંત્રી શ્રી ઋષિકેશ પટેલે ગુજરાત હાઈકોર્ટ ખાતે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તથા ગુજરાત લો હેરાલ્ડની નવી વેબસાઈટ તથા મોબાઈલ એપ્લીકેશનનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મંત્રી શ્રી ઋષિકેશ પટેલે રાજ્ય સરકાર વતી ધારાશાસ્ત્રીઓના વેલ્ફેર માટે રૂ.પાંચ કરોડનો ચેક બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને અર્પણ કર્યો હતો. એડવોકેટ જનરલશ્રી કમલ ત્રિવેદી અને ગુજરાત બાર કાઉન્સિલના ચેરમેન જે.જે.પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા મુખ્ય ન્યાયમૂર્તિશ્રી સુનિતા અગ્રવાલના મહત્વના ૮૦ ચુકાદાઓ પર તૈયાર કરાયેલા પુસ્તકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. મુખ્ય ન્યાયમૂર્તિશ્રી સુનિતા અગ્રવાલે આ પ્રસંગે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે, બાર કાઉન્સિલ ઓફ ગુજરાત એકમાત્ર બાર કાઉન્સિલ છે જેણે ટેકનોલોજીને અપનાવીને એક નવીન પહેલ આરંભી છે. બાર કાઉન્સિલે આજે મારા ચુકાદાઓનું પુસ્તક લોન્ચ કર્યું છે, જે મારુ સૌભાગ્ય છે. બાર અને બેન્ચ વચ્ચેનો તાલમેલ જળવાઈ રહે અને ન્યાય વ્યવસ્થા વધુને વધુ મજબૂત થાય એ આપણા સૌના સહિયારા પ્રયાસ હોવો જોઈએ. આપણે સૌએ ન્યાય સંહિતા અને ન્યાય વ્યવસ્થાની ગરિમા જાળવી રાખવી જોઈએ, એમ તેમણે જણાવ્યું હતું. આપણે સૌ ન્યાયવ્યવસ્થાના પ્રહરી છીએ એમ જણાવીને એમણે ઉમેર્યું કે, આપણે સમાજના લોકોને ન્યાય અપાવવા કાર્ય કરી રહ્યા છીએ. બાર એ બેન્ચ અને ન્યાય ઈચ્છતા લોકો વચ્ચેનો સેતુ છે. આપણે વધુને વધુ કેસોને સમયસર પૂર્ણ કરીને લોકોને ન્યાય અપાવવા બનતું કરવું જોઈએ અને ઈમાનદારી પૂર્વક આપણું કાર્ય કરવું જોઈએ. નવી વેબસાઈટ તથા મોબાઈલ એપ્લિકેશનનો પ્રારંભ કરાવતા ગૌરવની લાગણી અનુભવતા કાયદા અને ન્યાયતંત્ર મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ન્યાય તંત્ર લોકશાહીનો પાયો છે. તે લોકશાહીને ધબકતી રાખે છે. લોકશાહીના સ્તંભમાં ન્યાયતંત્ર અને વકીલોની ખૂબ મોટી ભૂમિકા છે, એમ તેમણે ઉમેર્યું હતું. રાજ્યમાં વકીલો અને બાર એસોસિએસન્સના કલ્યાણ અર્થે રાજ્ય સરકાર હંમેશા પ્રયત્નશીલ રહી છે એમ જણાવીને મંત્રીશ્રીએ કહ્યું કે, તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૧૦-૧૧માં પ્રથમ વખત તમામ બાર એસોશિએસનને ઈ-લાઈબ્રેરી માટે રૂપિયા બે કરોડ પચીસ લાખની સહાય પૂરી પાડી હતી. વધુમાં વાત કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા નામદાર હાઈકોર્ટમાં જેમ વકીલોને બેસવા માટે અલગ વ્યવસ્થા અને બિલ્ડિંગ છે. બરોડા અને રાજકોટ ખાતે પણ તે મુજબના અલાયદા બિલ્ડિંગની વ્યવસ્થા વકીલો માટે ઉભી કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તથા વકીલ મંડળની માંગણીઓ સંદર્ભે હંમેશા હકારાત્મક અભિગમ દાખવવામાં આવે છે. રાજ્યમાં તાલુકાથી લઈને હાઈકોર્ટ સુધી ન્યાયક્ષેત્રે ઈન્ફ્રાસ્ટ્રકચર મજબૂત બનાવવા રાજ્ય સરકારે હંમેશા તત્પરતા દાખવી છે, એમ તેમણે ઉમેર્યું હતું.

લોન્ચ કરાયેલ નવી વેબસાઈટ તથા મોબાઈલ એપ્લીકેશન વિશે વાત કરતાં મંત્રીશ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આજના ટેકનોલોજીના યુગમાં દરેક ક્ષેત્રમાં જયારે મોબાઈલ તથા કોમ્પ્યુટરના માધ્યમથી દરેક માહિતી ત્વરિત મેળવી શકાય છે, ત્યારે વકીલોને અપડેટેડ રાખવાના ઉદ્દેશ સાથે નવી વેબસાઈટ તથા મોબાઈલ એપ્લિકેશન બનાવીને બાર કાઉન્સિલ ઓફ ગુજરાત સાચા અર્થમાં માતૃસંસ્થા બનવા સાથે સમયની સાથે ચાલી રહયું છે. નવી લોન્ચ થયેલી ગુજરાત લો હેરાલ્ડની વેબસાઈટ તથા મોબાઈલ એપ્લિકેશનથી ગુજરાત રાજ્યના વકીલો નામદાર વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓથી અવગત થશે, તથા રાજ્ય તથા કેન્દ્રના કાયદાઓની માહિતી આંગળીના ટેરવે મેળવી શકશે. સાથે જ, મંત્રીશ્રીએ બાર કાઉન્સીલ ઓફ ગુજરાત તથા ઉપસ્થિત વકીલમિત્રોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી નવીન ટેકનોલોજીના ઉપયોગ માટે પણ આહ્વાન કર્યું હતું. એડવોકેટ જનરલશ્રી કમલ ત્રિવેદીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આ પ્રસંગનો ભાગ બનવું એ મારુ સૌભાગ્ય છે. આજનો સમય પરિવર્તનનો સમય છે. આજે વિશ્વ ગ્લોબલ વિલેજ બન્યું છે. માહિતીનો બહોળો પ્રચાર પ્રસાર અને નવીન ડિજિટલ ટેક્નોલોજીએ દરેક ક્ષેત્રની જેમ કાયદાક્ષેત્રને પણ પ્રભાવિત કર્યું છે. આજે ન્યાયક્ષેત્ર પણ લેટેસ્ટ ટેકનોલોજીને અપનાવીને આગળ વધી રહ્યું છે. આવનારા સમયમાં હાઈકોર્ટને પેપરલેસ કોર્ટ બનાવવાનો પણ લક્ષ્યાંક છે.

બાર અને બેન્ચ બંને એકબીજાના પૂરક છે અને બંનેએ એકબીજા સાથે હકારાત્મક સંતુલન બનાવીને ન્યાયતંત્રને વધુ મજબૂત કરવું જોઈએ, એમ તેમણે ઉમેર્યું હતું. ગુજરાત બાર કાઉન્સિલના ચેરમેન જે.જે. પટેલે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત બાર કાઉન્સિલ દેશમાં ટેકનોલોજી ક્ષેત્રે નવીન ઉપક્રમો લોન્ચ કરીને ન્યાય વ્યવસ્થાને વધુ સરળ અને સુલભ બનાવવા અગ્રેસર છે. ગુજરાત હાઈકોર્ટ અને બાર કાઉન્સિલના ઘણાં વકીલો અને ન્યાયમૂર્તિઓએ સુપ્રીમ કોર્ટમાં કામ કરીને ગુજરાત હાઈકોર્ટ અને ગુજરાત બાર કાઉન્સિલનું નામ રોશન કર્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશશ્રીઓ, ગુજરાત બાર કાઉન્સિલના વાઈસ ચેરમેન શ્રી એમ.સી.કામદાર, એકઝીક્યુટીવ કમિટિના ચેરમેનશ્રી એન.ડી.પટેલ, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયાના મેમ્બર શ્રી ડી.કે.પટેલ તથા કાઉન્સિલના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં વકીલો અને કાયદા તથા ન્યાયતંત્ર ક્ષેત્રે સંકળાયેલા લોકો ઉપસ્થિત રહ્યાં હતા.

તંત્રી સ્થાનેથી......

પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે તેમજ વધુ ને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતીતરફ વળેતે માટેરાજ્ય સરકાર દ્વારા વિશેષપ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના સીધા માર્ગદર્શન હેઠળ રાજ્યનાતમામ જિલ્લાઓમાંખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટેની સમજ આપવામાં આવી રહી છે. ત્યારે દેશનો પ્રથમ પ્રાકૃતિક જિલ્લો ડાંગ પણ, પ્રાકૃતિક ખેતીને વેગવંતી બનાવવા અને વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિથી અવગત થાય તેમાટે, વિવિધ તાલુકાઓના ક્લસ્ટર દીઠ ખેડૂતોને તાલીમ આપવામાં આવીરહી છે. તારીખ ૧૯ જુલાઈના રોજ ડાંગ જિલ્લાનાં લહાનચર્યા ક્લસ્ટર માંસમાવિષ્ટ ચિચપાડા ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઈ હતી. જેમાં કુલ-૨૫ ખેડુતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં માસ્ટર ટ્રેનર શ્રીપ્રકાશભાઈ અને શ્રી પંકજભાઈ દ્વારા પ્રાકૃતિક ખેતીના મુખ્ય આયામો જીવામૃત,બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, વાફસા, ખાટી છાસ, ગૌ મૂત્ર, રાખના ઉપયોગ વિશે ખુબ ઊંડાણપૂર્વક માહિતી આપવામાંઆવી હતી. તેમજ તમામ લોકોને પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યાં હતાં.

કમલમ્ ન્યુઝ, કમલમ ન્યુઝ રાકેશ વાળા,

ગુજકોસ્ટ ગાંધીનગર પ્રેરીત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તાપી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ને ટેલિસ્કોપ અર્પણ કર્યું. ગુજરાત સરકારશ્રી નાવિજ્ઞાન અને ટેકનોલોજી નીપાંખ ગુજકોસ્ટ ગાંધીનગર થી દરેક જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીએ વૈજ્ઞાનિક સંશાધન ટેલિસ્કોપ અર્પણ કરવામાંઆવ્યુંજેમાં જિલ્લા લોક વિજ્ઞાનકેન્દ્ર ના ડાયરેક્ટર ભુમિલ શાહ, જિલ્લાપ્રચારક ઉદયજોષી, પ્રકાશચૌધરી, રણજીત ગામીત સહીત ના ઉપસ્થિત રહ્યા સાથે જિલ્લાના શિક્ષણાધિકારી એ સહર્ષ સ્વીકાર કરી તેનો લોકાભિમુખ કાર્યતરીકે સદઉપયોગ થશે. આતબક્કે તાપી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગુજકોસ્ટ ગાંધીનગર અને સરકાર શ્રી ના સરાહનીય કાર્ય ને બિરદાવીએ છીએ.

સહકારમંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતમાં સુરેન્દ્રનગર જિલ્લામાં "સહકાર થી સમૃધ્ધિ" સમીક્ષા બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ, સુરેન્દ્રનગર

સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' પહેલ હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં રાજ્યકક્ષાના સહકારમંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને "સહકાર થી સમૃધ્ધિ" સમીક્ષા બેઠક યોજાઈ હતી. પાયાના સ્તરે સહકારી ચળવળને વધુમજબૂત બનાવવાના હેતુ સાથે યોજાયેલી આ બેઠકમાં સુરેન્દ્રનગર, મોરબીઅને બોટાદ જિલ્લાની વિવિધ સહકારી મંડળીઓ, સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં સહકારથી સમૃદ્ધિ પાયલોટ પ્રોજેક્ટ, તેના મુખ્ય ઉદ્દેશો અને એક્શન પ્લાન અંગે ચર્ચા કરવામાં હતી. આ બેઠકને સંબોધતા મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, સહકારી ક્ષેત્રની અગત્યતા સમજી દેશના દૂરંદેશી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અલગ કેન્દ્રીય સહકારિતા મંત્રાલય બનાવ્યું. જેમાં દેશના પ્રથમ સહકારિતા મંત્રી તરીકે શ્રી અમિતભાઈ શાહે સુકાન સંભાળ્યું. દેશનાં સહકારીમાળખાને મજબૂત બનાવવા માટે ૫૪ જેટલા ઈનિશિએટિવ્સ લેવામાંઆવ્યા છે. જેનું અમલીકરણ માત્ર ગુજરાત પૂરતું ન રાખીને સમગ્ર દેશમાં કરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વધુમાં ઉમેર્યું હતું કે, સહકારી ક્ષેત્રે મહત્વની એવી પ્રાયમરી એગ્રિકલ્ચર ક્રેડિટ સોસાયટી (PACS) એટલે કે પ્રાથમિક ખેત ધિરાણ સોસાયટીઓને વધુમજબૂત કરવા માટે તમામ મંડળીઓને કમ્પ્યુટરાઈઝ કરવામાંઆવી રહી છે. પેક્સ દ્વારા કરવામાં આવતી જુદી જુદી કામગીરીમાંસુધારા કરી નવા મોડેલ બાયલોઝ અમલમાં મૂક્યા છે. આ ઉપરાંત પેક્સ માટે નવા ૧૭ આયામો ઉમેરવામાં આવ્યા છે. પેક્સ દ્વારા દૂધ કલેક્શન પણ થઈ શકે તે માટે બાયલોઝમાં સુધારો કરી નવો એક આયામ ઉમેરવામાં આવશે. તદુપરાંત, દેશમાં એક નિકાસ મંડળી પણ ખોલવામાં આવી છે. આગામી દિવસોમાં આ મંડળી દ્વારા પેક્સ પાસેથી ખેત ઉત્પાદનો સ્વીકારીને નિકાસ કરવામાંઆવશે. નિકાસથી મળતો ભાવવધારાનો નફો ફરી ખેતમંડળી સુધી પહોંચશે અને ખેડૂતોની આવકમાં વધારો થતાં ખેડૂત સમૃદ્ધ થશે. આમ સહકાર વિભાગ દ્વારા પેકસના માધ્યમથી ખેડૂતોની આવકવધારવાના સચોટ પ્રયાસો થઈ રહ્યા છે. આ ઉપરાંત આગામી સમયમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનુંદરેક અમૂલસ્ટોર ઉપર વેચાણ કરી શકાય તેવી વ્યવસ્થા કરવાનીપણ વિચારણાચાલી રહી છે. આ તકે મંત્રીશ્રીએ ગુજરાતના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાંઅમલીપાયલોટ પ્રોજેક્ટ તેમજ રાજ્યનાઅન્ય જિલ્લાઓના અનુભવો, પહેલોનીચર્ચાકરી હતી. તેમજ દરેક ગામમાંબેંક મિત્રો અને માઈક્રોએ.ટી.એમ.હોવાના ફાયદા ઉદાહરણ સાથે સમજાવ્યા હતા. વધુમાં, સહકારી બેંકો અને મંડળીએ લોકોમાંવિશ્વાસ સંપાદિત કરી લોકોને સલામત અને ટેક્નોલોજીયુક્ત બેંકિંગ સેવાઓ પૂરી પાડવાનોઉદેશ છે ત્યારે વધુમાં વધુ નાગરીકો સહકારી બેંકો સાથે જોડાય અને કો-ઓપરેટીવ મોડલ બનાવવામાં સહભાગી થાય તે પ્રકારે કામગીરી કરવા લગત અધિકારીશ્રીઓ અને અગ્રણીશ્રીઓને અનુરોધકર્યો હતો. તેમજ લોકો માહિતગાર થઈ શકે તે માટેતાલુકા કક્ષાએ પણ કાર્યક્રમ કરી દરેક ગામ સુધી માહિતી પહોંચાડવા સુચવ્યું હતું. સહકાર સચિવશ્રી સંદીપકુમારે સહકાર થી સમૃદ્ધિ પાયલોટ પ્રોજેક્ટ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, "જિલ્લાની તમામ સહકારી સંસ્થાઓ એકબીજાને મદદ કરે, જેનાથી તમામ સંસ્થાઓનો વિકાસ થાય, મજબૂતઅને સધ્ધર બને. જે અંતર્ગત તમામ સહકારી સંસ્થાના સભાસદો, વેપારીઓએ તમામ નાણાકીય વ્યવહારોસહકારી બેંક થકી થાય તો જ "સહકાર થી સમૃધ્ધિ" સૂત્ર ચરિતાર્થ થાય. આ બેઠકના પ્રારંભે ધી સુરેન્દ્રનગર ડિસ્ટ્રીકટકો-ઓપ. બેંકલી.નાચીફ એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી દ્વારા સહકારથીસમૃધ્ધિપ્રોજેક્ટ અંતર્ગત થઈ રહેલ કામગીરી પ્રેઝન્ટેશનનાં માધ્યમથી આપવામાં આવી હતી. ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંકનાચેરમેનશ્રીઅજયભાઈ પટેલ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું.

ધી સુરેન્દ્રનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક લી. ના ચેરમેનશ્રી હરદેવસિંહ પરમાર દ્વારા સ્વાગત પ્રવચન, ધી સુરેન્દ્રનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવબેંક લી.ના ડાયરેક્ટર શ્રીહસમુખભાઈ પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઈ મકવાણા, ધારાસભ્યશ્રી કિરીટસિંહ રાણા, ધારાસભ્યશ્રી પી. કે. પરમાર, ગુજરાત માર્કેટીંગ ફેડરેશનના ચેરમેનશ્રી શામળભાઈ પટેલ, અગ્રણી શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી હરિકૃષ્ણભાઈ પટેલ, સુરસાગર ડેરીના પ્રમુખશ્રી બાબાભાઈ ભરવાડ, સહકારી મંડળી જીલ્લા રજીસ્ટ્રારશ્રી તેમજ જિલ્લા તથા તાલુકાની સહકારી મંડળીઓ, સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાહતા.

સંતોકબા ધોળકિયા વિદ્યામંદિર માલેગામમાં કારગીલ વિજય દિવસની ઉજવણી કરાઈ

વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના સભ્યશ્રીઓએ શહીદ જવાનોને શ્રધ્ધાંજલી અર્પી

કમલમ્ ન્યુઝ, આહવા

કારગીલ વિજય દિવસની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે, ડાંગ જિલ્લાના માલેગામ સ્થિત સંતોકબા ધોળકિયા વિદ્યામંદિરમાં શાળા સંચાલકો, વિદ્યાર્થીઓ તેમજ ડાંગના ત્રિદિવસીય અભ્યાસ પ્રવાસે આવેલી, ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના સભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં, બે મીનીટ મૌન પાળી કારગીલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના સંચાલક શ્રી પી.પી.સ્વામીજી તેમજ સમિતિઅધ્યક્ષ અને ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણીની આગેવાની હેઠળની સમિતિના સભ્યો ધારાસભ્ય સર્વશ્રીકાંતિ અમૃતિયા, અરવિંદ રાણા, નરેશપટેલ, પ્રવિણ માળી, વિનેન્દ્રસિંહ ઝાલા, અમૂલ ભટ્ટ, ડો.હસમુખ પટેલ તેમજ સમિતિના સચિવ શ્રી ચેતન પંડ્યા તથા સમિતિના અધિકારીઓએ, કારગીલ વિજય દિવસ નિમિત્તે શહીદ જવાનોને પુષ્પાંજલિ પણ અર્પણ કરી હતી. દરમિયાન સમિતિના અધ્યક્ષ અને ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણીએ શાળાની મુલાકાત લઈ, વિદ્યાર્થીઓ સાથે વિજ્ઞાન વિષયને અનુરૂપ પ્રશ્નોત્તરી કરી શુભેચ્છાઓ પાઠવી, શાળાની સિદ્ધિઓને બિરદાવી હતી. આ સાથે જ શાળાના ટ્રસ્ટી તેમજ રાજ્ય સભાના સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકિયાની શૈક્ષણિક અને સેવાકીય પ્રવૃત્તિઓનીસરાહના કરી હતી.

ધોળકાના ચલોડામાં શાળાના વિદ્યાર્થીઓને આપવામાં આવી મહિલા કેન્દ્રિત કાયદા વિશે જાણકારી

કાર્યક્રમમાં ઘરેલુ હિંસા, દહેજ અટકાયત, જાતિય સતામણી, વહાલી દીકરી, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન, મફત કાનૂની સહાય જેવા વિષયોની થઈ ચર્ચા

કમલમ્ ન્યુઝ,

મિશન શક્તિયોજનાહેઠળ ૧૦૦ દિવસની સ્પેશિયલ અવેરનેસ કમ એનરોલમેન્ટ ડ્રાઈવ અંતર્ગત Women Centric Legislation (મહિલા કેન્દ્રિત કાયદા) સપ્તાહ અન્વયે ધોળકાની શ્રી સી.બી. પટેલ વિદ્યા વિહાર, ચલોડા ખાતે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાંશાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫, દહેજ અટકાયત અધિનિયમ ૧૯૬૩, કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાયત અધિનિયમ, ૨૦૧૩, ઈમ્મોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ વિશેની માહિતી આપવામાં આવી હતી. ડિસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવર્મેન્ટ ઓફ વીમન ટીમના જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રીજીતેશ સોલંકી દ્વારા મહિલા કલ્યાણકારી યોજનાઓ જેવી કે, વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના વગેરે યોજનાની માહિતી આપવામાંઆવી હતી. તાલુકા મફત કાનૂની સેવા સત્તા મંડળના PLV શ્રી હેતલબહેન રાઠોડ દ્વારા મફત કાનૂની સેવાને લગતી જાણકારી આપવામાં આવી હતી. પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર યોજનાની માહિતી કાઉન્સેલર શ્રી પારુલબહેન દ્વારાઆપવામાંઆવી હતી. સખીવન સ્ટોપસેન્ટર યોજના વિશેની માહિતી શ્રી રોશનીબહેન દ્વારા આપવામાં આવી હતી. આ સાથે, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન વિશેની માહિતી ૧૮૧ની ટીમ દ્વારા આપવામાં આવીહતી. ધોળકાનાએડવોકેટ શ્રી તેજલ એ. માંડલીયા દ્વારા તાલુકા મફત કાનૂની સેવા સત્તા મંડળ હેઠળની વિવિધ મહિલા કેન્દ્રિત કાયદા વિશેની માહિતી આપવામાં આવી હતી. સરકાર દ્વારા ચાલતી મહિલાલક્ષી યોજનાઓ અને કાયદા વિશે લોકોમાંજાગૃતિ ફેલાય અને યોગ્ય જાણકારી સાથે મહિલાઓ વધુ સક્ષમ બને તે માટે આ અવેરનેસ કમ એનરોલમેન્ટ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે.

કચ્છ જિલ્લા ભાજપ દ્વારા કારગીલ વિજય જનસભા યોજાઈ

કમલમ્ ન્યુઝ,

વિશ્વના ઈતિહાસના સૌથી ભીષણ યુદ્ધ પૈકીના એક એવા કારગિલની પહાડીઓના યુદ્ધ વિજયને ૨૫ વર્ષ પૂરા થયા હોઈ તેની ઉજવણીના ભાગરૂપે કચ્છ જિલ્લા ભાજપ દ્વારા ભુજ ખાતે કારગીલ વિજય જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદની આગેવાનીમાં યોજાયેલ આ સભામાં જિલ્લા ભાજપના તમામ ૧૭ મંડલોમાંથી અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ જનસભાને સંબોધવા પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ વર્ષાબેન દોશી ખાસ પધાર્યા હતા. પ્રારંભમાં બેઠકને સંબોધતા જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈવરચંદે જણાવ્યું હતું કે કારગીલનો વિજય એ ભારતીય જવાનોનાઅપ્રતિમ શૌર્ય અનેબહાદુરીનો અદભુતપ્રસંગ છે જે વિશ્વના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. હાડ થીજાવી નાખતી ઠંડી અને સુસવાટા મારતા પવનો વચ્ચે માતૃભૂમિ ની રક્ષા કાજે ખેલાયેલ જીવ સટોસટના જંગમાં ભારતના વીર જવાનોએ દુશ્મનોના દાંત ખાટા કરી નાંખ્યા હતા ત્યારે ત્યારે આજનો દિવસ એ પ્રત્યેક ભારતવાસીઓ માટે ગૌરવવંતો દિવસ છે. આ પ્રસંગે ખાસ પધારેલ પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષા વર્ષાબેન દોષીએ ઉપસ્થિત કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે વિશ્વ ફલક પર હવે એ બાબત પ્રતિપાદિત થઈ ચૂકી છે કે અન્ય રાષ્ટ્રના સૈનિકો ફક્ત ફરજ ના ભાગરૂપે તેમની જવાબદારીની નિભાવે છે જ્યારે ભારતીય જવાનો તેમની રગરગમાં દેશદાઝ ભરીને માં ભારતીની રક્ષા અને રાષ્ટ્રના આન, બાન અને શાન માટે પોતાના પ્રાણની પરવા કર્યા વિના સરહદે એક અડીખમ ચટ્ટાનની માફક તૈનાત હોય છે. આવી જ એક વિરલ ઘટનાના ભાગરૂપે ભારતીય જવાનોએ બેહદ સાહસનો પરિચય આપીને બર્ફીલા પહાડોમાં પાકિસ્તાનને યુદ્ધ મોરચે વધુ એક વખત કારની શિકસ્ત આપી હતી જેની સમગ્ર વિશ્વને નોંધ લેવી પડી હતી. આજની સભામાં ભારતીય સેનામાં પોતાના કાર્યકાળ દરમિયાન પ્રદમ્ય સાહસ અને બહાદુરીનો ડંકોવગાડનાર જવાનો જેવા કે કેપ્ટન ચતુરસિંહ સોઢા, નાયક પદે જવાબદારી નિભાવનાર જવાનો પૈકી ઉમેદસિંહ સોઢા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, અગ્યારામ વર્મા, મીઠુભાઈ દાફડા, હરદેવસિંહ ઝાલા, નરેન્દ્રસિંહઝાલા, ઉમેદસિંહ જાડેજા, ભરતભાઈ સુથાર, રહીમભાઈ રાજાનું જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ તેમજ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વિશેષ બહુમાન કરીને એમની નિષ્ઠા અને બહાદુરીને વંદન કરીને નવાજવામાં આવ્યા હતા. આ ઉપરાંત શહીદ માણશી ગઢવીના અર્ધાંગિની સોનલબેન માણશી ગઢવી તેમજ શહીદ દીપસિંહજી સોઢાના પુત્ર અનિરુદ્ધસિંહ સોઢાનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. કારગીલ વિજયદિનની પૂર્વ સંધ્યાએ કચ્છ જિલ્લા ભાજપની માર્ગદર્શિકા અંતર્ગત ભુજ શહેર ભાજપ અને ભુજ તાલુકા ભાજપ યુવા મોરચા દ્વારા સંયુક્તપણે જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદના નેતૃત્વ હેઠળ એક મસાલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જુના ભાજપ કાર્યાલયથી પ્રારંભ થયેલી આ મસાલ રેલી હમીરસર તળાવ પાસે આવેલી સ્વામી વિવેકાનંદ ની પ્રતિમાપાસે સમાપન પામી હતી જ્યાં શહીદ જવાનોની સહાદતની સ્મૃતિમાં સળંગ ૨૫ કલાક અખંડ અમર જ્યોતિ પ્રગટાવવામાં આવીહતી. આજના વિજયદિનની સભામાં ધારાસભ્યો કેશુભાઈ પટેલ, પ્રદ્યુમનસિંહ જાડેજા, જિલ્લા ભાજપ મહામંત્રી દિલીપભાઈ શાહ, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ જયંતભાઈ માધાપરિયા, રાહુલભાઈ ગોર, શીતલભાઈ શાહ, પચાણભાઈ સંજોટ, મીનાક્ષીબેન ભટ્ટ, જિલ્લા ભાજપ મંત્રી વિંજુબેનરબારી, વાલજીભાઈ ટાપરિયા, ખજાનચી વલ્લભજીભાઈ હુંબલ, જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા અધ્યક્ષ માવજીભાઈ ગુંસાઈ, મહિલા મોરચા અધ્યક્ષ ગોદાવરીબેન ઠક્કર, કિશાન મોરચા અધ્યક્ષ પરસોતમભાઈ વસાણી, અનુજાતિ મોરચા પ્રમુખ અશોકભાઈ હાથી, લઘુમતી મોરચા અધ્યક્ષ આમદભાઈ જત, કેડીસીસી બેંકના ચેરમેન દેવરાજભાઈ ગઢવીસહીત વિવિધ મંડળોના પ્રમુખ અને મહામંત્રીશ્રીઓ, સંગઠનના હોદેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રભાઈ પ્રજાપતિએ કર્યુંહતું જ્યારેઆભારવિધિ જિલ્લા ભાજપ યુવા મોરચા અધ્યક્ષ તાપસભાઈ શાહે કરી હતી. સમગ્ર કાર્યક્રમના ઈન્ચાર્જ તરીકે જિલ્લા ભાજપ મંત્રી પ્રફુલસિંહ જાડેજાએ જવાબદારી નિભાવી હતી. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે યુવા મોરચાના હિતેશભાઈ પાંચાણી, ભાર્ગવભાઈશાહ, દિવ્યરાજસિંહ ઝાલા વગેરેએ જહેમત ઉઠાવી હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાંજણાવાયું હતું.

રામ-શબરીના મિલન સ્થળ 'શબરી ધામ' ખાતે રૂ. ૧૦ કરોડના ખર્ચે વિકાસ કાર્યોનો ધમધમાટ

બીજા તબક્કામાં સભા મંડપ, પાર્કિંગ, સોલાર સિસ્ટમ સહિત ૧૬ જેટલી સુવિધાઓનો થશે વિકાસ

કમલમ્ ન્યુઝ, ગાંધીનગર

રાજ્યનું એકમાત્ર ગિરિમથક સાપુતારા ચોમાસાની આ ઋતુમાં સોળે કળાએખીલી ઉઠ્યું છે. ગુજરાતસહિત દેશ-વિદેશના અનેક લોકો વર્ષાઋતુમાં જ્યારે મોટીસંખ્યામાં સાપુતારાનીમુલાકાતે ઉમટી રહ્યા છે, ત્યારે રાજ્ય સરકારે પણ દેશ-વિદેશના પર્યાવરણ-પ્રકૃતિ પ્રેમીઓને સાપુતારા પ્રત્યે આકર્ષિત કરવા માટે ૨૯ જુલાઈથી સાપુતારા મેઘ મલ્હાર પર્વ ૨૦૨૪નુંઆયોજન કર્યુંછે, જે એક મહિના સુધી ચાલશે મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલના હસ્તે આ મહોત્વનું ઉદ્ઘાટન કરવામાં આવશે. દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લામાં આવેલું સાપુતારા માત્ર હિલ સ્ટેશન તરીકે જ પ્રખ્યાત નથી, પરંતુ સાપુતારાની આસપાસ આવેલ અનેક આસ્થાના સ્થળો પણ શ્રદ્ધાળુઓનાઆકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે. આવું જ એક મહત્વનું આસ્થાનું સ્થળ છે શબરીધામ. સાપુતારાગિરિમથકના પ્રવાસે આવતા પ્રવાસીઓ મોટાભાગે શબરી ધામની ચોક્કસમુલાકાત લેછે, કારણકે આ સ્થળનો ભગવાન શ્રી રામ સાથે સંબંધ છે. સુબીર ગામથી પૂર્વ દિશામાં આશરે ત્રણ કિલોમીટરના અંતરે શબરી ધામ અંગે સ્થાનિક માન્યતા મુજબ આ સ્થળે શબરી સાથે ભગવાન રામની મુલાકાત થઈ હતી, જેનો ઉલ્લેખ રામાયણમાં પણ કરવામાં આવેલછે.

કહેવાય છે કે ભગવાન શ્રી રામ વનવાસ દરમિયાન સીતાની શોધમાં અહીં આવ્યાહતા, જ્યાં તેમના પરમભક્ત માતા શબરી પોતાના પ્રભુ શ્રી રામની વાટ જોઈ રહ્યા હતાં અહીં જ ભગવાન શ્રીરામે માતા શબરીના એંઠા બોર આરોગ્યા હતા અને તેમણે જ ભગવાન શ્રી રામને સીતાની શોધ માટે આગળનો માર્ગ જણાવ્યો હતો. અહીંના આદિવાસીઓની સંસ્કૃતિમાં ભગવાન રામ, સીતા, લક્ષ્મણને લગતી લોકવાર્તાઓ પણ સાંભળવા મળે છે. અહીં ચારે તરફ વનરાજીનીવચ્ચે નાના ટેકરા પર આવેલા ભવ્ય મંદિર ખાતે રામાયણ સાથે સંકળાયેલી રામ-શબરી મિલનના પ્રસંગની તસવીરો તેમ જ મૂર્તિઓ જોવા મળે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાનેતૃત્વહેઠળની રાજ્ય સરકાર પૌરાણિક તથા ઐતિહાસિક મહત્વ ધરાવતા યાત્રાધામોના વિકાસ માટે સતત પ્રતિબદ્ધ છે અને એટલે જ રાજ્ય સરકારે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (જીપીવાયવીબી)ના માધ્યમથી શબરી ધામ ખાતે અંદાજે રૂ. ૧૦ કરોડના ખર્ચે વિકાસ કાર્યોનો ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રથમ તબક્કામાં ભવ્ય 'યાત્રી નિવાસ'નું નિર્માણ

શબરી ધામ ખાતે મોટી સંખ્યામાં ઉમટતા યાત્રાળુઓ-શ્રદ્ધાળુઓની સુવિધા માટે ડિસેમ્બર ૨૦૧૮થી અનેક પ્રકારના વિકાસકાર્યો હાથધરવામાં આવ્યાછે. અહીં અંદાજે રૂ.૧૦કરોડનાખર્ચે યાત્રાળુઓમાટે ઘણી બધી સુવિધાઓ ઊભી કરવામાં આવશે. જીપીવાયવીબીના સચિવ શ્રી આર.આર.રાવલના જણાવ્યામુજબ શબરી ધામ વિકાસ પ્રોજેક્ટની પ્રથમ તબક્કાની કામગીરીપૂર્ણ થઈ ગઈ છે. પ્રથમ તબક્કામાં લગભગ રૂ.૪.૮૯કરોડનાખર્ચેઅહીંભવ્ય 'યાત્રી નિવાસ' તથા એડમિન બ્લૉકનું નિર્માણ કરવામાંઆવ્યું છે. યાત્રી નિવાસમાં પ્રવાસીઓ તેમજ શ્રદ્ધાળુઓ માટે ભોજન શાળા, ડાઈનિંગ, સ્ટોર રૂમ, વૉશ એરીયા, શૌચાલય, ૫ એક્ઝીક્યુટીવ રૂમ, ૩ સ્પેશિયલ રૂમ, વેઈટિંગ એરિયા, ૧૧ બેડ ધરાવતી પુરૂષ ડોરમેટરી અને ૧૧ બેડ ધરાવતીસ્ત્રી ડોરમેટરી, ૨ લિવિંગરૂમ અને કિચન એરિયા જેવી સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. તેવી જ રીતે; એડમિન બ્લૉકમાંહૉલ, ડાઈનિંગવિથકિચન, ૨ બેઠક રૂમ, ૨ બેડરૂમ, કિચન એરિયા, સંત નિવાસ, શૌચાલય અને પીવાના પાણીની સુવિધાનો સમાવેશ થાય છે.

બીજાતબક્કાની કામગીરીશરૂ, ૧૬ જેટલી સુવિધાઓનોથશે વિકાસ

રાજ્ય સરકાર તથા જીપીવાયવીબી દ્વારા શબરીધામ ખાતે ચાલીરહેલા વિકાસ કાર્યોના બીજા તબક્કામાં રૂ. ૫.૭૪ કરોડના ખર્ચે પ્રવાસીઓ, શ્રદ્ધાળુઓ તેમજ યાત્રીઓ માટે સુવિધાઓમાં મોટો વધારો કરવામાં આવશે. બીજા તબક્કામાં શબરી ધામ ખાતે ૧૬ જેટલીસુવિધાઓ શરૂ કરવામાં આવશે જેમાં નવું પાર્કિંગ, હનુમાનજી મંદિરનું રીનોવેશન, પેવર બ્લોક, રીટેનિંગ વૉલ, સભામંડપ શેડ, નવા પાર્કિંગ પર શૌચાલય, કેન્ટીન, રેમ્પની કામગીરી, પાણીની ટાંકી, હયાત શૌચાલયનું રિનોવેશન, ગાર્ડનીંગ એન્ડ લેન્ડ સ્કેપિંગ, પગથિયાનું રીનોવેશન અને કલર કામ, સાઈનેઝીસ, સોલાર લાઈટ પોલ, સોલાર સીસ્ટમ તથા ઈલેક્ટ્રિફિકેશનનો સમાવેશ થાય છે.

કરપાત્રી મહારાજના પુસ્તકો CUG ના હિંદુ સ્ટડી અભ્યાસક્રમમાં ઉમેરાયા

રાધા સુધા અને ભાગવત સુધા પુસ્તકોનો સમાવેશ

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના ડિપાર્ટમેન્ટ ઓફ હિન્દુ સ્ટડીઝના અભ્યાસક્રમમાં પૂજ્ય કરપાત્રી મહારાજ દ્વારા લખાયેલા બે પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છેકે સ્વામી કરપાત્રી મહારાજના બે પુસ્તકો રાધા સુધા અને ભાગવત સુધાને શનિવારે એમ.એ.ના હિંદુ સ્ટડી અભ્યાસક્રમમાં સ્થાન આપવામાં આવ્યુંછે. શનિવારે વાઈસચાન્સેલર કાર્યાલય ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં પરમ પૂજ્ય સ્વામી કરપાત્રી મહારાજના ધ્વજવાહક પૂજ્ય સ્વામી શ્રી અભિષેક બ્રહ્મચારી અને યુવા ચેતના મંચ નવી દિલ્હીનાપ્રમુખ રોહિત સિંઘ, યુનિવર્સિટીના કુલપતિ પ્રો. રમાશંકર દુબે અને હિન્દુ સ્ટડીઝ સેન્ટરના અધ્યક્ષ પ્રો. અતનુ મોહાપાત્રા હાજર રહ્યા હતા. આ દરમિયાન વાઈસ ચાન્સેલરે મહાનુભાવોનુ ફૂલ અને ઉપવસ્ત્રો અર્પણ કરી સ્વાગત કર્યુ હતું. કાર્યક્રમમાં પ્રથમ વક્તા તરીકે, રોહિત સિંહે આદરણીય કરપાત્રી મહારાજના જીવન દર્શન અને તેમના દ્વારા વિવિધ પુસ્તકોના લેખન અનેગ્રંથ સંરક્ષણપર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું કે યુનિવર્સિટી દ્વારા હિંદુ સ્ટડીનાઅભ્યાસક્રમમાંપૂજ્ય શ્રીનાં પુસ્તકોનો ઉમેરો વિદ્યાર્થીઓના હિતમાં છે. મુખ્ય વક્તા સ્વામી અભિષેકબ્રહ્મચારીએ ગુજરાતની ધર્મ ધારાને આધ્યાત્મિકતાનું કેન્દ્ર ગણાવ્યું હતું. તેમણે કહ્યુ કે, ગુજરાતનીઆ પવિત્રભૂમિમાં શરૂ થયેલા હિન્દુ અભ્યાસ કેન્દ્રમાં પૂજ્યશ્રીના પુસ્તકો વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે. કાર્યક્રમની અધ્યક્ષતામાંકુલપતિપ્રો. રમાશંકર દુબેએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલ પછી, ગુજરાતસેન્ટ્રલ યુનિવર્સિટીએ ખાસ કરીને તેના તમામ અભ્યાસક્રમોમાં મૂલ્ય આધારિત શિક્ષણને સ્થાન આપીને વિદ્યાર્થીઓના શારીરિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસમાટે કામ કર્યુંછે

હિન્દુ સ્ટડી સેન્ટર, પ્રો. અતનુ મોહાપાત્રાએ તમામ મહાનુભાવોનો આભાર માનતા જણાવ્યું હતું કે આગામી સમયમાં વિદ્યાર્થીઓના સંશોધન કાર્યમાં પૂજ્ય કરપાત્રી મહારાજના પુસ્તકોનો પણ સમાવેશ કરવામાં આવશે. આ કાર્યક્રમ દરમિયાન યુનિવર્સિટીના વિવિધ વિભાગોના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓ ઉપસ્થિતરહ્યા હતા.

"કારગિલ વિજ્ય દિવસ "આપણા વીર જવાનોની શૌર્યગાથાઓ, સેવા અને બલિદાન દરેક ભારતીય અને ભવિષ્યની પેઢીઓને પ્રેરણા આપતા રહેશે

કેન્દ્રીય સંચાર બ્યૂરો, ક્ષેત્રીય કાર્યાલય, પાલનપુર દ્વારા કારગિલ યુદ્ધની રજત જયંતી નિમિતે માતૃ શ્રી એસ.એમ.જી રાજગોર હાઇસ્કુલ, રાણપુર, ડીસા ખાતે " કારગિલ વિજય દિવસ"ની ઉજવણી કરવામાં આવી

મા ભારતીની સીમાઓની રક્ષા કરવા તેમજ રાષ્ટ્રની એકતા અને અખંડિતતા જાળવવા માટે કાશ્મીરના પહાડોની ચોટીઓ પર લડાયેલા તેમજ ભારતીય સૈન્યના અતૂટ પરાક્રમની ગાથાનું ગૌરવ ગાન કરતા "કારગિલ યુદ્ધ" એટલે કેઓપરેશન વિજયના ૨૫વર્ષ પૂર્ણ થતાંરજત જયંતીનાઅવસર પ્રસંગે સમગ્ર દેશમાં "કારગિલ વિજય દિવસ"ની ઉજવણીના ભાગરૂપે આયોજિત આ કાર્યક્રમના માધ્યમથી દેશના નાગરીકોના હૃદયમાં કૃતજ્ઞ રાષ્ટ્રભાવનાનો સંચાર કરવા માટે કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુરદ્વારા ડીસાખાતે " ઈન્ટિગ્રેટેડ કમ્યુનિકેશન એન્ડ આઉટરિચ પ્રોગ્રામ" અંતર્ગત વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું. કેન્દ્રીય સંચાર બ્યુરો,પાલનપુર દ્વારા રાણપુર હાઈસ્કુલ ખાતે આયોજિત બે દિવસીય આ કાર્યક્રમમાં માતૃ શ્રી એસએમ જીરાજગોર હાઈસ્કુલ, રાણપુરના વિદ્યાર્થીઓ દ્વારા દેશ ભક્તિગીતની, વીર જવાનોની શૌર્ય ગાથાઓનું વર્ણન કરતી વકતૃત્વ સ્પર્ધા, એન.સી.સી.નાકેસેટ્સ દ્વારા શૌર્ય ગીત, એન.સી.સી કેસેટ્સ તેમજ એન.એસ.એસ વિદ્યાર્થીઓ દ્વારાશૌર્ય રેલી, કાર્યક્રમમાં પધારેલ વીર સૈનિકોનું પૂજન તેમજ વિવિધ સ્પર્ધાઓનું પુરસ્કાર વિતરણ કરવામાં આવ્યું હતું, આ ઉપરાંત ભૌરવપુરા પ્રાથમિક શાળામાં દેશભક્તિ ગીત સ્પર્ધા તેમજ ચિત્ર હરિફાઈ નું આઉજન કરવામાં આવ્યું હતું સાથે શ્રી સાબર કાંઠા જિલ્લા યુવા પરીવારના કલાકારો દ્વારાકારગિલ યુદ્ધની પરાક્રમ ગાથા વર્ણવતી નાટિકા પ્રસ્તુત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય મહેમાન તેમજ કાર્યક્રમ અધ્યક્ષ, યુનિટ ૩૫, ગુજરાત બટાલિયનએનસીસીના કમાન્ડિંગ ઓફિસર કર્નલ જગજીતસિંહ બસવાનાજીએ આપ્રસંગે જણાવ્યું હતું કે કારગિલ યુદ્ધ જે ઓપરેશન વિજયના નામથી જાણીતું છે એ માત્ર બે સીમાઓ વચ્ચે લડાયેલ યુદ્ધ નથીપરંતુ આપણાવીર સૈનિકો મનોબળની કસોટી હતી કારણકે કારગિલ જેવા ઊંચાણ વાળા દુર્ગમ વિસ્તારોમાં દુશ્મન દેશના સૈન્યને સંપૂર્ણ રીતેપીછેહટ કરાવવીએ ખૂબ જ મુશ્કેલહતું પરંતુઆવી વિપરીત પરિસ્થિતિઓમાં પણ આપણા વીર બહાદુર સૈનિકોએ કારગિલ યુદ્ધમાં સંપૂર્ણ રીતેવિજય પ્રાપ્ત કરી એમની શૌર્યતાનું પ્રમાણ આપી દીધું છે જે આપણા માટે ખૂબ જ ગૌરવશાળી ઈતિહાસ છે અને કારગિલ વિજય દિવસની રજત જયંતી નિમિતે આપણે હંમેશા વીર જવાનોના ઋણી રહીશું. આ પ્રસંગે પરીક્ષત્ર વનઅધિકારી શ્રીયશ ઉમરાણીએ જણાવ્યું હતું કે કારગિલ વિજય દિવસ ભારતીય વીર સૈનિકોની બહાદુરી અને બલિદાનને સમર્પિત છે આ પ્રસંગે આપણે સૌ એમના સર્વોચ્ચ બલિદાનને યાદ કરતા આપણા જીવનમાંભારત દેશ પ્રતિ રાષ્ટ્રભાવના જાગૃત કરી સાચા અર્થમાં દેશ સમર્પિત કાર્યોમાં અગ્રેસર થઈએ એ જ સાચી શ્રદ્ધાંજલિછે. સાથે જ આપ્રકૃતિના જતન માટે સંકલ્પબદ્ધ બનીએ. કારગિલ વિજય દિવસ નિમિત્તે ભારત દેશના ગૌરવશાળી ઈતિહાસને યાદ કરતા શાળાના આચાર્યશ્રી જયેશભાઈ જોશી એ જણાવ્યું હતું કે આપણે ભારત દેશના એક સાચા નાગરિક તરીકે દેશના સર્વાંગી વિકાસ માટે તેમજ આંતરિક સુરક્ષા માટે કર્તવ્યનિષ્ઠ જીવનજીવવાનું પ્રણ લઈએ રોજિંદા જીવનમાં આ દેશના એક સમર્પિત નાગરિક થવા માટેઆપણી રોજિંદી ટેવોમાંસુધારો લાવીએ પોતાનું કામ ઈમાનદારી અને કર્તવ્ય નિષ્ઠાથી કરીએઅને આપણાબહાદુર વીર સૈનિકોને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ. આઉપરાંત કાર્યક્રમ સ્થળ પરપ્રકૃતિજતનના સંકલ્પને સાકાર કરવા "મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું, સાથે કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુર દ્વારા કારગિલ વિજય દિવસ ફોટો પ્રદર્શન લગાડવામાં આવ્યું હતુ પ્રદર્શન ને કાર્યક્રમ માં ઉપસ્થિત દર્શકો તેમજ મહેમાનો દ્વારા નિહાળવામાં આવ્યું હતું.

પેરિસ ઓલિમ્પિક -૨૦૨૪નો શુભારંભ પ્રસંગે રેસકોર્ષ ખાતે "એમબ્રેસિંગ પેરિસ-૨૦૨૪" કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,રાજકોટ

દુનિયાભરમાં વિવિધ રમતોના રમતવીરોનો "મહાકુંભ" એવા પેરિસ ઓલિમ્પિક - ૨૦૨૪નો શુભારંભ થવાનો છે, ત્યારે ભારતીય ખેલાડીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરૂ પાડવા ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ રાજકોટ અને રાજકોટ મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે રેસકોર્ષખાતે "એમ્બ્રેસિંગ પેરિસ-૨૦૨૪" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ જિલ્લાકક્ષાની રમતગમત શાળા (DLSS) ની વિદ્યાર્થિનીઓએ હોકી, સોફ્ટબોલ, રોપસ્કિપિંગ, જુડો, માર્શલ આર્ટ્સ, ટેકવોંડો, આર્ચરી અને યોગના વિવિધ આસનોનું નિદર્શન કર્યુ હતું. આ બાળકીઓમાંથી પ્રેરણા લઈને ધારાસભ્ય શ્રી દર્શિતાબેન શાહ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી જયમિનભાઈ ઠાકર, અગ્રણીશ્રી લીલુબેન જાદવ વગેરેએ આર્ચરી પર હાથ અજમાવ્યો હતો. આ પ્રસંગે રમત અધિકારી શ્રી રમા મદ્રા, રાજકોટ સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશન લીમીટેડના ચીફ ઓપરેટીંગ ઓફિસર શ્રી રાજદિપસિંહ જાડેજા, કોર્પોરેશનના યુવા અને સાંસ્કૃતિક વિભાગના અધિકારી શ્રી કે.બી.ઉનાવા, હોકી એસો. ના પ્રમુખ શ્રી મહેશભાઈ દિવેચા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનુયછે કે, પેરિસ ઓલિમ્પિક -૨૦૨૪માં જેવેલીયનથ્રો, શૂટીંગ, આર્ચરી, બેડમિન્ટન, વેઈટ લિફ્ટીંગ, બોક્સિંગ, ઘોડેસવારી, ગોલ્ફ, હોકી, જુડો, સેઈલીંગ, સ્વિમીંગ અને ટેબલ ટેનિસ જેવી ૧૬ રમતોમાં૬૯ ચંદ્રકો માટે ૧૬ દિવસ સુધી ભારતના ૧૧૨ રમતવીરો દેશનો તિરંગો લહેરાવવા થનગની રહ્યાછે. ગુજરાતના ત્રણ ખેલાડીઓ પૈકી બે ટેબલ ટેનિસ પ્લેયર હરમિત દેસાઈઅને માનવ ઠક્કર તથા શૂટિંગ ૧૦ મિટર એર રાઈફલ પ્લેયર ઈલાવેનિલ વાલારિવાનને રાજય સરકારની શક્તિદૂતયોજના અંતર્ગતરૂ. ૧૦ લાખની સહાય આપવામાં આવી છે.

જળસંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે જસદણ-વિંછિયા પંથકમાં બે નવી માધ્યમિક શાળાના ખાતમુહૂર્ત

ભડલીમાં ૩૪ લાખના ખર્ચે નવું આયુષ્માન આરોગ્ય મંદિર બનશે

વિંછિયાના મોઢુકામાં ૪.૧૬ કરોડ તથા કનેસરામાં ૪.૪૨ કરોડના ખર્ચે નવી માધ્યમિક શાળા બનશે

કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજ્યના જળસંપત્તિ અને પાણીપુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જસદણ-વિંછિયા પંથકના અનેકવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત કર્યા હતા. જે અંતર્ગત વિંછિયાના મોઢુકામાં ૪.૧૬ કરોડના ખર્ચે નવી માધ્યમિક શાળા, ભડલીમાં રૂ.૩૪ લાખના ખર્ચે આયુષ્માન આરોગ્ય મંદિર તથા જસદણના કનેસરામાં ૪.૪૨ કરોડના ખર્ચે નવી માધ્યમિક શાળાનું મંત્રીશ્રીએ ખાતમુહૂર્ત કર્યું હતું. મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા ૨૫મીજુલાઈએ સવારે વિંછિયા તાલુકાના ભડલી પહોંચ્યા હતા. અહીં તેમના હસ્તે ભડલી-૨ આયુષ્માન આરોગ્ય મંદિરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. નવા બનનારા આરોગ્ય મંદિરમાં ક્લિનિક, લેબરરૂમ,એક્ઝામ રૂમ, વેઈટિંગ એરિયાતેમજ સ્ટાફ માટે નિવાસની વ્યવસ્થાનું નિર્માણ કરવામાંઆવશે. મંત્રી શ્રી કુંવરજીભાઈએ વિંછિયા તાલુકાના મોઢુકા ગામમાંસરકારી માધ્યમિક શાળાનું ખાતમુહૂર્ત કર્યું હતું. અહીં રૂપિયા ૪.૧૬ કરોડના ખર્ચે અદ્યતન માધ્યમિક શાળા બનાવાશે. જેનાથી આ ગામ તેમજ પંથકના વિદ્યાર્થીઓને ઘર-આંગણે શિક્ષણની સુવિધાઉપલબ્ધ બનશે. આ સાથે મંત્રી શ્રી કુંવરજીભાઈએ જસદણ તાલુકાનાકનેસરા ગામમાં પણ નવી સરકારી માધ્યમિક શાળાનુંખાતમુહૂર્ત કર્યુ હતું. રૂપિયા ૪.૪૨ કરોડના ખર્ચે અદ્યતન માધ્યમિક શાળાના નિર્માણથી છાત્રોને શિક્ષણ સુલભ બનશે. આ તકે જસદણ પ્રાંત અધિકારી સુશ્રી ગ્રીષ્મા રાઠવા, અન્ય અધિકારીશ્રીઓ, તાલુકા-જિલ્લાના અગ્રણીઓ, ગ્રામ પંચાયતના સભ્યો, ગ્રામજનો વગેરે ઉપસ્થિત રહ્યાહતા.

ગોંડલ ખાતે આરોગ્ય અને પોષણલક્ષી કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,રાજકોટ

પૂર્ણા યોજનાનીજાણકારી દરેક કિશોરીને મળીરહે તેમાટે આરોગ્ય અને આઈ.સી.ડી.એસ. યોજનાના સંકલનથીયુ.એલ.ડી.કન્યા વિદ્યાલય અને છાત્રાલય, ગોંડલખાતે ૧૫થી ૧૮વર્ષની કિશોરીઓમાટે આરોગ્ય અને પોષણલક્ષી કાર્યક્રમ તા.૨૬ જૂલાઈના રોજ યોજાયો હતો. જેમાં આરોગ્યવિભાગ દ્વારા કિશોરીની આરોગ્ય તપસ એચ.બી/બી.એમ.આઈ કરાયું હતું તથા આઈસીડીએસ દ્વારા પૂર્ણા યોજનાની જાણકારી તેમજ ટી.એચ.આર. માંથી વાનગીનિદર્શન યોજાયું હતું. કિશોરોના આરોગ્ય પોષણ અને કૌશલ્યવર્ધક તેમજ કિશોરીના સશક્તિકરણ અને સર્વાંગી વિકાસ માટેની તમામ માહિતીનિષ્ણાતો દ્વારાઅપાઈ હતી. આ કાર્યક્રમમાં ૧૫૦૦ જેટલી કિશોરીઓ ઉપરાંત સંસ્થાના ટ્રસ્ટીગણ જોડાયા હતા.

કમલમ્ ન્યુઝ,

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સકૉલેજ, અમરોલી-સુરતમાં તા. ૨૭-૦૭-૨૦૨૪ને શનિવારનારોજ આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાસાહેબના માર્ગદર્શન હેઠળ "વિચાર ગોષ્ઠી"અંતર્ગત ગુરુવંદનાકાર્યક્રમનું આયોજનકરવામાં આવેલહતું. જેમાંવીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી ગુજરાતી વિભાગમાં સેવા આપતા પ્રા.ડૉ.ભરતભાઈ ઠાકોર દ્વારા 'ભારતીય સંસ્કૃતિ માં ગુરુ-પરંપરા અને ગુરુનું મહત્વ' વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરુઆત એસ.વાય.બી.કૉમની વિદ્યાર્થીની કું.નુપુર શાહએ પ્રાર્થનાથી થઈ હતી. એન. એસ.એસ પ્રોગ્રામ ઓફિસર પ્રા.વિજયભાઈ ચૌધરીએ પૂર્વભૂમિકા રજૂ કરી હતી. વક્તાશ્રીનો પરિચય પ્રા.ડૉ.મયંકભાઈ સોઢાએ આપ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ નાસ્વયંસેવકો/સેવિકાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

પ્રાથમિક ખેત ધીરાણ સોસાયટીથી ખેડૂતો વધુ સમૃદ્ધ થશે: મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

રાજકોટમાં સહકાર રાજયમંત્રીશ્રીની અધ્યક્ષતામાં "સહકારથી સમૃદ્ધિ" અંગેની સમીક્ષા બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજ્યકક્ષાના સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં આજે રાજકોટમાં "સહકારથી સમૃદ્ધિ સમીક્ષા બેઠક" યોજવામાં આવી હતી. જેમાં રાજકોટ અને મોરબી જિલ્લાની વિવિધ સહકારી મંડળીઓ, સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકને સંબોધતા મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, દેશના સહકારી માળખાને પારદર્શક અને સશક્ત બનાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૬ જુલાઈ ૨૦૨૧ના રોજ અલગથી જ કેન્દ્રીય સહકારિતા મંત્રાલય બનાવ્યું હતું અને શ્રી અમિતભાઈ શાહને દેશના પ્રથમ સહકારિતા મંત્રી બનાવ્યા હતા.એ પછી શ્રી અમિતભાઈએ સહકારી માળખાને મજબૂત અને પારદર્શી બનાવવા ૫૪ જેટલા ઈનિશિએટિવ્સ લીધા છે અને તાલુકા સ્તર સુધી પહોંચાડ્યા છે. મંત્રીશ્રીએ કહ્યુંહતું કે, પેક્સ (પ્રાયમરી એગ્રિકલ્ચર ક્રેડિટ સોસાયટી– પ્રાથમિક ખેત ધીરાણ સોસાયટી) માટે મોડેલ બાયલોઝ સ્વીકારવામાં આવ્યા છે. પેક્સને કમ્પ્યુટરાઈઝ કરાઈછે, તેમજ પેક્સ માટે નવા ૧૭આયામો ઉમેરવામાં આવ્યા છે. આગામીદિવસોમાં પેક્સના માધ્યમથી ખેત જણસીઓની નિકાસ પણ થઈ શકશે અને નિકાસથી મળતો ભાવવધારાનો નફો ખેતમંડળીને વહેંચાશે અને ખેડૂતો વધુ સમૃદ્ધ થશે. આમ પેક્સના માધ્યમથી ખેડૂતોની આવક વધારવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ તકે મંત્રીશ્રીએ ગુજરાત રાજ્યના અન્ય જિલ્લાઓમાં "સહકારથી સમૃદ્ધિ"નાઅનુભવો પણ વહેંચ્યા હતા. તેમણે કહ્યુંહતું કે, "સહકારથી સમૃદ્ધિ"ની પહેલથી અનેક મંડળીઓ અને સરવાળે ખેડૂતો, ગામલોકો સમૃદ્ધ થઈ રહ્યા છે. આ તકે તેમણે માઈક્રો એ.ટી.એમ.ના ફાયદા ઉદાહરણ સાથે સમજાવ્યા હતા અને કહ્યું હતું કે, તેનાથી સ્થાનિક યુવાનોને રોજગારી મળશે. આ બેઠકમાં સહકાર સચિવ શ્રી સંદીપકુમારે કહ્યું હતું કે, "સહકારથી સમૃદ્ધિ" અંતર્ગત બે મહત્ત્વનાં પગલાં ભરવામાં આવ્યાં છે. જેમાં જિલ્લાની તમામ સહકારી સંસ્થાઓ એકબીજાને મદદ કરે, જેનાથી તમામ સંસ્થાઓનો વિકાસ થાય અને મજબૂત બને. જે અંતર્ગત તમામ સહકારી સંસ્થાના સભાસદો, કોન્ટ્રાક્ટર્સ, વેપારીઓ, સહાભાગીઓના નાણાકીય વ્યવહારો સહકારીબેંક થકી થાય. જયારે બીજું છે, પેક્સનું સશક્તિકરણ. પેક્સ ૧૭જેટલી આર્થિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. કાર્યક્રમના પ્રારંભે જેતપુરના ધારાસભ્યતથા આર.ડી.સી. બેંકના ચેરમેન શ્રી જયેશભાઈ રાદડીયાએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી આર.ડી.સી. બેંકની પ્રગતિનો અહેવાલ આપ્યો હતો. ગુજરાતરાજ્ય સહકારી બેંકના ચેરમેન શ્રીઅજય પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. જયારે રાજકોટ જિલ્લા સહકારીબેંકના વાઈસ ચેરમેન શ્રી મગન વળાવીયાએ આભારવિધિ કરી હતી. આ બેઠકમાં ધારાસભ્યો ડૉ. દર્શિતાબહેન શાહ, શ્રી દુર્લભજીભાઈ દેથરિયા, અગ્રણી શ્રી અલ્પેશ ઢોલરિયા, ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના શ્રીશામળજી પટેલ, રાજકોટ જિલ્લા સહકારીબેંકના જનરલ મેનેજર શ્રી વી.એમ. સખીયા, જિલ્લા તથા તાલુકાની સહકારી મંડળીઓ, સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હવે બહેનો ડિઝાઈનર એન્વલપમાં પોસ્ટ દ્વારા રાખડી મોકલી શકશે - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

કમલમ્ ન્યુઝ,
રક્ષાબંધનનોતહેવાર ૧૯મી ઓગસ્ટે ઉજવાશે અને ટપાલ વિભાગે તેની તૈયારીઓ શરૂ કરી દીધી છે.ઉત્તર ગુજરાતક્ષેત્રના પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે,રાખડી મોકલવા માટે પોસ્ટ ઓફિસ દ્વારા રંગબેરંગી ડિઝાઈનર રાખી એન્વલપ્સ ઉપલબ્ધ છે. આ ખાસ રાખી એન્વલપ્સ ઉત્તર ગુજરાત ક્ષેત્રના અમદાવાદમાં અમદાવાદ જીપીઓ, નવરંગપુરા એચપીઓ અને રેવડી બજારની હેડ પોસ્ટ ઓફિસતેમજ મુખ્ય પોસ્ટ ઓફિસ અને અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા અનેપાટણ જિલ્લાની પસંદગીની સબ પોસ્ટ ઓફિસોમાં વેચાણ માટે ઉપલબ્ધ રહેશે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રીકૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ ડિઝાઈનર રાખી એન્વલપ્સ ૧૧ સેમી ઠ ૨૨ સેમીના કદના છે. એન્વલપ્સની



કિંમત માત્ર ?૧૦ છે જે પોસ્ટેજ શુલ્ક સિવાય છે. રાખી એન્વલપ્સ ઈન્ડિયા પોસ્ટના લોગો અને રક્ષાબંધન ઈમેજ સાથે ડિઝાઈન કરવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે વિશિષ્ટ ડિઝાઈનને કારણે, તે અન્ય મેઈલમાંથી સોર્ટ કરવામાં અને 'રક્ષા બંધન' તહેવાર પહેલાં વિતરણ કરવામાંમદદ કરશે.

૧૫૭ માંડવી વિધાનસભાનાદિવ્યાંગનાગરિકોને માનનીય મંત્રી અને ૧૫૭ માંડવી વિધાનસભાના આપડા લોકપ્રિય ધારાસભ્ય શ્રી કુંવરજીભાઈ હળપતિ સાહેબે સાયકલ ભેટ આપી. આ સાયકલ થકી દિવ્યાંગો અવર જવરકરી રોજગારપણપ્રાપ્ત કરીશક્શે અને અન્ય કામોપણ કરી શકશે જેથી તેમનું જીવન સરળ બનશે. માનનીય મંત્રીઅને ૧૫૭ માંડવી વિધાનસભાના આપડા લોકપ્રિય ધારાસભ્ય અને રાજયમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિસાહેબ સતતપ્રજાની ચિંતા કરતાહોય છે માનનીય મંત્રી અને ૧૫૭ માંડવી વિધાનસભાના આપડા લોકપ્રિય ધારાસભ્ય શ્રી કુંવરજીભાઈ હળપતિ સાહેબ અવારનવાર દિવ્યાંગલોકોનીચિંતા કરતા હોય છે જેથી તેમની નાની નાની બાબતોને ધ્યાનમાં રાખી મદદ કરતાહોય છે.

રાજુલા તથા મહુવા તાલુકાના ગામડાઓ સહિત કુલ ૩૭ ગામોને મળશે આ સામૂહિક આરોગ્ય કેન્દ્રનો લાભ : શ્રી કસવાલા

વીજપડી ગામે બનશે ૬.૬૦ કરોડના ખર્ચે સામુહીક આરોગ્ય કેન્દ્ર, તાંત્રિક મંજૂરી લાવતા ધારાસભ્ય કસવાલા

રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી તથા આરોગ્ય મંત્રીશ્રીનો આભાર માનતા શ્રી કસવાલા

કમલમ્ ન્યુઝ,
અમરેલી જિલ્લાના છેવાડા નું ગામ વીજપડી જે સાવરકુંડલા તાલુકાનું સૌથીમોટું ગામહોય અને ત્યાંનું વ્યાપાર કેન્દ્ર પણ મોટું હોય જેમાં આજુબાજુનાતેમજ રાજુલા તથા મહુવાતાલુકાના ગામડાઓનો ખરીદ વેચાણનું પણ કેન્દ્ર વીજપડી ગામ હોય જેને ધ્યાને લઈ કર્મશીલ ધારાસભ્ય શ્રીમહેશભાઈ કસવાલા ને આ ગામના લોકો વતી સામૂહિક આરોગ્ય કેન્દ્ર બનાવવા માટે રજૂઆતો મળતીહતીજે ધ્યાને લઈ શ્રી કસવાલાએ સરકારમાં સતત રૂબરૂ અને ટેલીફોનિકતેમજ લેખિત રજૂઆતો કરતા રહ્યા અને આ ગુજરાતની સંવેદનશીલ ભાજપ સરકાર દ્વારા વીજપડી તથા આજુબાજુના ગામોની આરોગ્ય સુખાકારી માટેસામુહિક આરોગ્ય કેન્દ્રને તાંત્રિકમંજૂરી આપેલછે આ તાંત્રિક મંજૂરી રૂપિયા ૬.૬૦ કરોડના ખર્ચે સામુહિક આરોગ્ય કેન્દ્ર વીજપડીગામેતૈયાર થશેજેમાં ગામ લોકો માં આનંદની લાગણી જોવા મળી રહી છે

અને ધારાસભ્ય શ્રી કસવાલા ઉપર અભિનંદનની વર્ષા પણ થઈ રહી છે. મળતી વિગતો મુજબ ધારાસભ્ય શ્રી કસવાલાથો જણાવ્યું હતું કે આ સામૂહિક આરોગ્ય કેન્દ્રથી રાજુલા અને મહુવા તાલુકાના ગામડાઓને પણ ખૂબ સારો લાભ મળશે સાથોસાથ સામૂહિક આરોગ્ય કેન્દ્ર વીજપડી ગામે બનવાથી આરોગ્યતામાં પણ સુધારો થઈ શકશે ધારાસભ્ય કસવાલાએ વધુમાં જણાવ્યું હતું કે આસામૂહિક આરોગ્ય કેન્દ્રનું મેન બિલ્ડીંગ જે ૩.૯૧ કરોડના ખર્ચે તૈયાર થશે તો વોટર સપ્લાય અને સેનીટરી વર્ક માટે સાત લાખ, એક્ટરનલ ડ્રેનેજ સિસ્ટમ માટે ૬.૮૯લાખ, ફાયરપ્રોટેક્શન વર્ક માટે ૨૭.૨૦ લાખ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ માટે ૨.૪૮ લાખ, પ્લાન્ટેશન વર્ક માટે ૮૦,૦૦૦, સીસી રોડ અને મેઈન એન્ટ્રી માટે ૨૦.૮૩લાખ, કમ્પાઉન્ડવોલ માટે ૨૦.૪૦ લાખ,એમ્બ્યુલન્સ ગેરેજ માટે ૫.૩૪ લાખ, ઈલેક્ટ્રીક વર્ક માટે ૩૮.૮૮ લાખ, એમ.જી. પી. એસ વર્ક માટે ૬.૩૨ લાખ મળી કુલ રૂપિયા ૬.૬૦ કરોડ ના ખર્ચે આ સામુહિકારીઓ કેન્દ્રનું નિર્માણ થશે અને લોકોની આરોગ્ય લક્ષી સુવિધાઓમાં પણ વધારો થશે તેમ સત્વ "અટલધારા"કાર્યાલય ના ઈન્ચાર્જ જે.પી.હિરપરાની અખબારીયાદીમાંજણાવ્યું હતું.

કમલમ્ ન્યુઝ,
સુમુલ ડેરીના કેમ્પસમાં માસ્ટર શેફ પાસે આવેલ પાર્લર ખાતે અમુલ - સુમુલમિલ્ક એન્ડ મિલ્ક પ્રોડક્ટ વેન્ડીંગ મશીન નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સુમુલ ડેરીના ચેરમેન શ્રી માનસિંહભાઈ પટેલ , વાઈસ ચેરમેન શ્રી રાજુભાઈ પાઠક, સુમુલ ડેરી નિયામક મંડળના સભ્યોશ્રીઓ, સુમુલ ડેરીના એમડી શ્રી અરુણ પુરોહિત, તેમજ સુમુલડેરીના અધિકારીઓ અને કર્મચારીઓ આ ઉદ્ઘાટન પ્રસંગે હાજર રહ્યા હતા. સુરત શહેરના માનવંતા ગ્રાહકોને અમુલ - સુમુલદૂધ અને દૂધની બનાવટો ૨૪કલાક (24x7) મળીરહે તે હેતુથી ઓટોમેટીક મિલ્ક વેન્ડિંગ મશીન અને મિલ્ક પ્રોડક્ટ વેન્ડિંગ મશીન એમ ૨ વેન્ડિંગ મશીન મુકવામાં આવ્યા છે. જેમાંઅમુલ - સુમુલ બ્રાન્ડના દૂધ,છાસ, દહીં, લસ્સી, મીઠાઈ જેવી અમુલઅને સુમુલ પ્રોડક્ટ્સ મળીરહેશે. અમુલ- સુમુલમિલ્ક અને મિલ્ક પ્રોડક્ટ વેન્ડિંગ મશીનફુલ્લિ ઓટોમેટીક છે, તેમજ જેમાં પેમેન્ટ પણ ડિજિટલ/ UPI થીથતુંહોય, જે ગ્રાહકોને Any Time Milk ઉપલબ્ધકરાવશે.

અરવલ્લી જિલ્લા યુવા મોરચા દ્વારા મોડાસા શહેર યુવામોરચા તેમજમોડાસા તાલુકા યુવા મોરચા દ્વારા કારગીલ વિજય દિવસ નિમિત્તે મોડાસા શહેરની અંદર ભવ્ય મશાલ રેલીનું આયોજન કરવામાં આવ્યું

કમલમ્ન્યુઝ,ધાર્મિક ભટ્ટ
અરવલ્લી જિલ્લા યુવા મોરચા દ્વારા મોડાસા શહેર યુવામોરચા તેમજ મોડાસા તાલુકા યુવા મોરચાદ્વારા કારગીલ વિજય દિવસ નિમિત્તે મોડાસા શહેરની અંદર ભવ્ય મશાલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની અંદર ૩૧ મોડાસા વિધાનસભાના ધારાસભ્ય તેમજ ગુજરાત સરકારના મંત્રી શ્રી ભીખુસિંહજી ચતુરસિંહજીપરમાર તેમજ રાષ્ટ્રીય યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને ગુજરાત યુવા મોરચાના પ્રભારી શ્રી મનીષસિંહજીતેમજ ગુજરાતપ્રદેશ યુવા મોરચાના કોષાધ્યક્ષ અને અરવલ્લી જિલ્લા યુવા મોરચાના પ્રભારી વિજેશભાઈપરમાર, યુવા મોરચાના પ્રમુખ અમિશભાઈ પટેલ, યુવા મોરચાના કાર્યકર મિતભાઈ પટેલ, જયેશભાઈ ભરવાડ, મહેશ્વરસિંહ રાજપુરોહિત, મયુર રબારી, કથન ભાવસાર તેમજ અરવલ્લી જિલ્લાના સંગઠનના હોદ્દેદારો શહેર યુવા મોરચાના તાલુકા યુવા મોરચાના કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા અને કારગીલ યુદ્ધની અંદર મોડાસાના એક જવાનને આ વિજયના સાક્ષી બનેલા એવા સંજયભાઈ શરદભાઈ ઠાકોર ને માન સન્માન સાથે આ રેલી ની અંદર જોડ્યા હતા. આવા વીર જવાનોને અરવલ્લી જિલ્લા યુવા મોરચો લાખલાખ વંદન કરે છે.

રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા ગોંડલ મુકામે કારગીલ વિજય સ્મૃતિગોષ્ઠીસભા યોજાઈ

રાજકોટ જીલ્લા યુવા ભાજપ દ્વારા જીલ્લાના તમામ મંડલોમાં કારગીલ વિજય દિવસ અંતર્ગત મશાલ યાત્રા યોજાઈ

કમલમ્ ન્યુઝ,
ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલ સાહેબ, પ્રદેશસંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીના માર્ગદર્શન મુજબ રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારીશ્રી ધવલભાઈ દવે, રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રીશ્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, શ્રી હરેશભાઈ હેરભા, શ્રી રવિભાઈ માંકડિયાની રાહબરીમાં રાજકોટ જીલ્લા ભાજપ યુવા મોરચા દ્વારા તમામ તાલુકા અને નગરપાલિકાઓમાં તા. ૨૫ જુલાઈના રોજ સાંજે મશાલ રેલી યોજીને કારગીલ વિજય સ્મૃતિ દિવસની ઉજવણીકરવામાં આવી. કારગીલ દિવસ અંતર્ગત વિજય સ્મૃતિ મશાલ રેલીમાં ગોંડલ ખાતે વિજય સ્મૃતિના પ્રતિક સ્વરૂપ કારગીલ વિજય સ્મૃતિ જ્યોત તા.૨૫ અને ૨૬ જુલાઈબે દિવસ સતત પ્રજવલિત રાખવામાં આવી હતી અને તા.૨૬ જુલાઈના રોજ ગોંડલ ખાતે જીલ્લા અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયાના અધ્યક્ષસ્થાને પ્રદેશ કક્ષાએથી પ્રવક્તા અમોહભાઈશાહે કારગીલ વિજય સ્મૃતિ દિવસ અંતર્ગત સ્મૃતિગોષ્ઠી કરીને માંભોમ ખાતર રાષ્ટ્રહિતના બલિદાન આપેલ રાષ્ટ્ર સપૂતોને યાદ કરીશ્રધ્ધાંજલિ આપી જીલ્લાના તમામ કાર્યકર્તાઓને કારગીલ વિજય સ્મૃતિ દિવસ સમજણ આપી રાષ્ટ્રહિતમાં



સંગઠનનો સંદેશોઆપ્યો હતો. આ ગોંડલ ખાતે યોજાયેલ કારગીલ વિજય સ્મૃતિ દિવસ સ્મૃતિગોષ્ઠી સભામાંરાષ્ટ્રીય અને પ્રદેશસ્તરની જવાબદારી ધરાવતા તમામ અગ્રણી, જીલ્લાનાપદાધિકારીઅને કારોબારી સભ્ય, જીલ્લા મોરચાના પદાધિકારી અને કારોબારી સભ્ય, સાંસદ (વર્તમાન અને પૂર્વ), ધારાસભ્ય (વર્તમાન અને પૂર્વ), બોર્ડ-નિગમના ચેરમેન, વાચેરમેન, ડિરેક્ટર (વર્તમાન અને પૂર્વ), જીલ્લા સ્તરની સહકારી સંસ્થાના ચેરમેન, વાઈસ ચેરમેન, ડિરેક્ટરો (વર્તમાન અને પૂર્વ), જીલ્લાઅને મંડલના સેલ-આયામ-પ્રકલ્પના સભ્ય, જીલ્લા તેમજ મંડલના ઈન્ચાર્જઅને સહ-ઈન્ચાર્જ, મંડલ પક્ષના અને મોરચાના પદાધિકારી, શક્તિકેન્દ્ર ઈન્ચાર્જ/ સહ-ઈન્ચાર્જ,
નગરપાલિકા, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયતની ગત ચૂંટણી લડેલાઉમેદવાર, તાલુકાની સહકારી સંસ્થાનાચેરમેન, વાઈસ ચેરમેન, ડીરેકટરો (વર્તમાન અને પૂર્વ), બુથનાપ્રમુખ-મંત્રી (ગ્રામીણ અને શહેરી), મંડલના કારોબારી સભ્ય અને મોરચાના કારોબારી સભ્ય (ગ્રામીણ અને શહેરી), જીલ્લાના સક્રિય સભ્ય સહીતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીલ્લા મહામંત્રીશ્રી રવિભાઈ માંકડિયા અનેજીલ્લા ડોક્ટર સેલ કન્વીનરશ્રી ડો.દિપકભાઈ પીપળીયાએ કર્યું હતું. તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ મીડિયાના ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જ યાદીમાંજણાવે છે.

શ્રી અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટના ઉપક્રમે આયોજિત દિવ્યાંગ બાળકોનો "સ્નેહ સ્પર્શ" કાર્યક્રમને ખુલ્લો મુકતા મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા

ભજન, સ્તુતિ, લોકગીતો અને બોલીવુડના ગીતો પર મુકબધિર અને માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોએ રજુ કરી મનમોહક કૃતિ

કમલમ્ ન્યુઝ,રાજકોટ
શ્રીઅરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટના ઉપક્રમે દિવ્યાંગ બાળકોની સંવેદનાઓને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમ "સ્નેહ સ્પર્શ' ને સહકાર રાજ્ય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા, મેયર શ્રી નયનાબેન પેઢડિયા, ધારાસભ્યો સર્વે શ્રી ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા સહીતના મહાનુભાવોના હસ્તે ખુલ્લો મુકાયો હતો. મંત્રીશ્રીજગદીશ વિશ્વકર્માએ આ તકે દિવ્યાંગ બાળકો અને તેમના પરિવારજનોને પ્રોત્સાહિત કરતા રાજ્ય સરકારની સંવેદના તેમની સાથે હોવાનું જણાવી કહ્યું હતું કે, ઈશ્વરીય બાળ સ્વરૂપ આ બાળકોએ સમાજનોએક અભિન્ન હિસ્સો છે, અને તેઓને આત્મ સન્માન પૂરું પાડી મુખ્ય પ્રવાહમાં જોડવા માટે સરકારશ્રી દ્વારા અનેક યોજનાકીય સહાય પુરી પાડવામાં આવી રહી છે. "સ્નેહ સ્પર્શ" કાર્યક્રમમાં દિવ્યાંગ બાળકો માટે કાર્યરત વિવિધસંસ્થાના મુકબધિર અને માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોએ ભજન, સ્તુતિ, લોકગીતો અને બોલીવુડ ગીતો પર અવનવી ૧૯ જેટલી કૃતિઓ રજુ કરી દર્શકોના મન મોહીલીધા હતા. જેમાંવિરાણી બહેરા મૂંગા શાળા દ્વારા ગણેશ સ્તુતિ, "મેરે ઘર રામ આયેહે", વી. ડી. પારેખ અંધ મહિલાના બાળકો દ્વારા હસતા રમતા, "નગાડા સંગ ઢોલ બાજે", ત્યાર બાદ એક રંગ

સંસ્થાના બાળકો દ્વારા "ઈતની સી હસી" અને "ઘુમર ઘુમર", સ્નેહ નિર્ઝર સંસ્થાના બાળકોદ્વારા 'છોટા બચ્ચા" અને "મે નીકલાગડી લેકે", નવ શક્તિ વિદ્યાલય સંસ્થાના બાળકો દ્વારા"છુક છુક કરતીજાય" અને "કર મેદાનફતેહ", જીનીયસ સુપર કિડઝસંસ્થાના બાળકો દ્વારા "ઓહ માય ફ્રેન્ડ ગણેશા" અને "ગજાનન ગજાનન", સેતુ ફાઉન્ડેશન દ્વારા "તેરી બાતો મે એસા" અને "નાચો નાચો", પ્રયાસ પેરેન્ટ્સ દ્વારા મલ્હારી ડાન્સ અને થીમ ડાન્સ, પરમાર્થ એજ્યુકેશન દ્વારા "મોજમાં રહેવું", મંત્ર ફાઉન્ડેશન દ્વારા "ઈતની સી હસી ફયુઝન" જેવી વિવિધ કૃતિઓ આ દિવ્યાંગબાળકો દ્વારારજુ કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ડો. વલ્લભભાઈકથીરીયાએ દિવ્યાંગો માટે જીવન સમર્પિત કરનાર અને પપ્પાજીના નામથી જાણીતા થયેલા સ્વ.પી.વી.દોશીની સામાજિક ઉત્કર્ષ માટેની સેવાકીય પ્રવૃત્તિની રૂપરેખા પુરી પાડી હતી. તેમજ જન કલ્યાણ ટ્રસ્ટ જેમના નામ પરથી રાખવામાંઆવેલ છેતેવાસ્વ. અરવિંદભાઈ મણિયારની સામાજિક અને સહકારી ક્ષેત્રે અનન્યપ્રદાનની ગાથાવર્ણવીહતી. જયારે આ તકે ઉપસ્થિત ડો. જયંતિભાઈ ભાડેશીયાએ સફળતા અને સાર્થક જીવનનો મહિમા સમજાવી અન્યના જીવનમાં મદદરૂપ બનવાની ભાવના સાથે જીવન સાર્થક બનાવવાપ્રેરણા પુરી પાડી હતી. આ તકે દિવ્યાંગ બાળકોના ઉતકર્ષ માટે કાર્યરત સંસ્થાઓને મોમેન્ટો તેમજ ભેટ સ્વરૂપે પ્રોત્સાહક પુરસ્કાર મહાનુભાવોના હસ્તે આપવામાં આવ્યા હતાં. જયારે કાર્યક્રમમાં ભાગ લેનાર ૨૦૦ થી વધુ કલાકારોને આકર્ષક ગિફ્ટ શ્રી જયંતિભાઈ પટેલ અને નાસ્તો શ્રી હસુભાઈ સોનછત્રા તરફથી આપવામાં આવ્યો હતો. આ તકે "સ્નેહ સ્પર્શ" કાર્યક્રમનાપ્રણેતા શ્રી શરદભાઈ વોરા, ટ્રસ્ટીશ્રીઓ જયોતીન્દ્રભાઈમહેતા, હંસિકાબેન મણીઆર, શિવબાઈ દવે, મહાસુખભાઈ શાહ, કલ્પકભાઈ મણીઆર, ડી.વી. મહેતા, શ્રી જીતુભાઈ બેલાણી સહિતના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં દિવ્યાંગબાળકોના પરિવારજનોએ ઉપસ્થિત રહી કૃતિઓનો સ્નેહ સભર સ્પર્શનો આસ્વાદ માણ્યો હતો.

ડૉ. મનસુખ માંડવિયાએ રોજગારની માહિતી પર આંતર-મંત્રાલય રાઉન્ડટેબલની અધ્યક્ષતા કરી

સમન્વયનું નિર્માણ કરવા અને દેશમાં રોજગાર નિર્માણનું સંપૂર્ણ ચિત્ર પ્રદાન કરવા માટે મુખ્ય જૂથની રચના કરવામાં આવશે




કમલમ્ ન્યુઝ,
કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો તથા રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હીમાં રોજગારીના આંકડા પર આંતર-મંત્રાલય ગોળમેજી પરિષદની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં વિવિધ મંત્રાલયો/વિભાગોમાં સમન્વય સ્થાપિત કરીને યોજનાઓ/કાર્યક્રમો અને પ્રોજેક્ટ્સનાપરિણામ સ્વરૂપે રોજગારી પર નિયમિત ડેટા રેકોર્ડ કરવા વ્યવસ્થિત અભિગમ અપનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આંતર-મંત્રાલય પરામર્શનું આયોજન કરવા માટે શ્રમ અને રોજગાર મંત્રાલયનાં પ્રયાસોની પ્રશંસા કરી હતીતથા એ બાબતપર ભાર મૂક્યો હતોકે, આ એક નિયમિત કવાયત હોવી જોઈએ કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫ યુવા અનેરોજગાર-કેન્દ્રિતહોવાનું જણાવતાં ડૉ. માંડવિયાએ બજેટમાં જાહેર કરવામાં આવેલા વિસ્તૃત અને નવીન રોજગાર સાથે સંબંધિત પ્રોત્સાહન (ઈએલઆઈ)પેકેજ પર વિસ્તૃત વર્ણન કર્યું હતું, જેમાં નોકરીદાતાઓઅને કર્મચારીઓને લાભ આપવા અને રોજગાર સર્જનને પ્રોત્સાહન આપવા માટે ત્રણ યોજનાઓનો સમાવેશ થાય છે. તેમણે અંદાજપત્રમાં જાહેર કરાયેલાવિવિધશ્રમ સુધારાઓ પર પણ પ્રકાશપાડ્યો હતો, જેમકે ઈ-શ્રમ પોર્ટલનું અપગ્રેડેશન અને સમાધાન અને શ્રમ સુવિધા પોર્ટલનાં નવીનીકરણનો સમાવેશ થાય છે. ડૉ. માંડવિયાએ પોતાનાં સંબોધનમાં ભારત સરકારમાં પ્રવર્તમાન રોજગારીનાં સર્જન પર વિવિધ ડેટા સ્રોતોને સંકલિત કરવાની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે નોંધ્યું હતું કે વિવિધ મંત્રાલયો અને વિભાગો અસંખ્ય યોજનાઓ અને પ્રોજેક્ટ્સનો અમલ કરી રહ્યા છે, જે મોટાપાયે રોજગાર સર્જન તરફ દોરીજાય છે,પરંતુ હાલમાંઆ ડેટા સાઈલોમાં અસ્તિત્વમાં છે. ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે, "રોજગારનાવિવિધ ડેટા સ્રોતોવચ્ચે જોડાણો બનાવવાની જરૂર છે, તેમને આત્મસાત કરવા અને સંકલિત કરવાની જરૂર છે, જેથી દેશમાં રોજગાર નિર્માણનું સર્વગ્રાહી ચિત્રરજૂ કરેતેવી સિસ્ટમ વિકસાવી શકાય." આ લક્ષ્યાંકો હાંસલ કરવા માટે કેન્દ્રીય મંત્રીએ વિવિધ મંત્રાલયો/વિભાગો અને ઉદ્યોગોને સમાવતા કોર ગ્રૂપની રચના કરવાનું સૂચન કર્યું હતું, જે સમન્વય સ્થાપિતકરવા અને હાલ સાઈલોમાં અસ્તિત્વ ધરાવતાં પ્રયાસોને સંકલિત કરવા નિયમિતપણે બેઠકયોજશે. કુશળ કર્મચારીઓ માટે ઉદ્યોગની માંગને માન્યતા આપીને કેન્દ્રીય મંત્રીએ યુવાનોને તેમની માંગણીઓને પહોંચી વળવામાટે પર્યાપ્ત કૌશલ્ય સેટ અને વ્યાવસાયિક લાયકાત સાથેતૈયાર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.તેમણે ઔદ્યોગિક સંસ્થાઓને યુવાનોને ઓળખવા અને તેમને ઈન્ટર્નશિપની તકો ઓફર કરવાપણ વિનંતીકરીહતી, જેથીનોકરીઓ સુરક્ષિતથાય અને જીવન સુધારવા માટે સરકારમાં જોડાય. આ ઉચ્ચ-સ્તરીય બેઠક દરમિયાન ફેડરેશનઓફ ઈન્ડિયન ચેમ્બર્સઓફ કોમર્સએન્ડ ઈન્ડસ્ટ્રી (ફિક્કી) અને કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (સીઆઈઆઈ) જેવા ઔદ્યોગિક સંગઠનોના પ્રતિનિધિઓ સાથે ૧૯ વિવિધ મંત્રાલયો અને વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ સઘન વિચાર મંથન સત્રમાં સામેલ થયા હતા અને મૂલ્યવાન સૂચનોઅને આંતરદષ્ટિ વહેંચીહતી.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028